દાખલ થયા તારીખ :૨૧/૦૧/૯૩.
રજિ.લીધા તારીખ :૨૧/૦૧/૯૩.
નિકાલ થયા તારીખ : ૦૬/૦૧/૧૮.
સમય : વર્ષ– માસ– દિવસ–

**અમદાવાદના મે.એડિ.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૭, અમદાવાદ.**

**ક્રિમી. કેસ નં.૧૬૨૭/૦૪.**
**આંક :૧૨.**

ફરિયાદી........................ શ્રી સ ર કા ર

વિરુધ્ધ

આરોપી.................... ૧. પ્રહલાદભાઈ બાબુભાઈ છારા,
(સદરહુ આરોપી મરણ જતા તેમની સામેની કાર્યવાહી એબેટ કરવામા આવેલ છે.)
૨. અશ્વિનભાઈ બાબેભાલ છારા, ઉવ.પુખ્ત.
૩. સુનીલભાઈ લાખાભાઈ છારા,ઉવ.પુખ્ત.
નં.૨,૩ રહેવાસી: ફ્રી કોલોની, કુબેરનગર, છારાનગર, સરદારનગર,અમદાવાદ.

તહોમત ::– ઈ.પી.કો. કલમ : ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા બી.પી.એકટ કલમ :૧૩૫(૧) મુજબ.

ફરીયાદ પક્ષે ::– વિ.એ.પી.પી.શ્રી ત્રિવેદી.
આરોપી પક્ષે ::– વિ.વકીલશ્રી તમાયચે.

**–:: ચુકાદો ::–**

૧. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓએ બનાવના સમયે સ્થળે કોર્ટમા કેસ ચાલતા હોય સમાધાન કરવા બાબતે ગડદાપાટુનો માર મારી, લાકડી વાડે માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, તા.૧૩/૪/૦૪ના કલાક:૧૨/૩૦ વાગે બંગલા એરીયા રોડ મોટવાણી બંગલાની આગળ રોડ ઉપર જાહેરમા ઉપરોકત ગુનાઓ કરી, મે. પોલીસ કમિ. શ્રી અમદાવાદ શહેરનાઓના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી, ગુનો કર્યા સબબ ભારતીય દંડ સંહિતાની કલમ–: ૩૨૩, ૨૯૪ (ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા બી. પી. એકટ કલમ :૧૩૫(૧) મુજબના ગુના સબબ સરદારનગર પો.સ્ટે ધ્વારા ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨. આ કામે ચાર્જશીટ રજૂ થતાં, આરોપીઓને સમન્સ કાઢતાં, આરોપી નં.૧ મરણ જતા તેમની સામેની કાર્યવાહી એબેટ કરવામા આવેલ છે. જયારે અન્ય આરોપીઓ તેમનાં વિ.વ.શ્રી મારફત હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની ખાતરી આંક–૧ હેઠળ કર્યા બાદ, આંક–૪ થી તહોમતનામુ ફરમાવી, આંક–૫ થી આરોપીઓ નો જવાબ લેતાં,

આરોપીઓએ તેઓની સામેનાં ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી, કામ પુરાવા ઉપર રહેતાં પુરાવો નોંધવાનું શરૂ કરવામાં આવેલ છે.

૩. આ કામે ફરિયાદ પક્ષનો પુરાવો શરૂ થતાં પહેલાં પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થતાં, તેઓએ આંક–૬ થી સમાધાન પુરસીસ રજૂ કરતાં તે તેઓને વાંચી–સંભળાવી, સમજાવતાં, તેઓએ સ્વેચ્છાએ સમાધાનનો સ્વીકાર કરેલ છે અને તેમાંની સહીઓ કૉર્ટ રૂબરૂ ઓળખી બતાવતા રેકર્ડ કરી.

૪. ફરિયાદ પક્ષ તરફે તેમના કેસના સમર્થનમા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

ત્યારબાદ, ફરિયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ આંક–૯ થી કલોઝીંગ પુરસીશ રજૂ કરી, પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં, ફરિયાદ પક્ષે અન્ય કોઈ સાહેદોને આ કામે તપાસેલાં નથી.

૫. ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં, આરોપીઓનું સી.આર.પી.સી.ની કલમ : ૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો ન હોઈ, વિશેષ

નિવેદન લેવામાં આવેલ નથી.

૬. ત્યાર બાદ, સદર કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીને તથા આરોપીઓ તરફે તેમના વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામા આવી.

૭. આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુ દ્દા ઓ ::–**

:૧: શું ફરિયાદ પક્ષ નિ: શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીઓએ બનાવના સમયે સ્થળે કોર્ટમા કેસ ચાલતા હોય સમાધાન કરવા બાબતે ગડદાપાટુનો માર મારી, લાકડી વાડે માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, તા.૧૩/૪/૦૪ના કલાક:૧૨/૩૦ વાગે બંગલા એરીયા રોડ મોટવાણી બંગલાની આગળ રોડ ઉપર જાહેરમા ઉપરોક્ત ગુનાઓ કરી, મે. પોલીસ કમિ. શ્રી અમદાવાદ શહેરનાઓના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી, ગુનો કર્યા સબબ ભારતીય દંડ સંહિતાની કલમ–: ૩૨૩, ૨૯૪ (ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા બી. પી. એકટ કલમ :૧૩૫(૧)

મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આ કોર્ટની હકુમતમા કરેલ છે ?

:૨: શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

:૧: નકારમાં.

:૨: આખરી હુકમ મુજબ.

૯. ઉપરોકત નિર્ણયોનાં મારાં વિગતવારનાં કારણો નીચે મુજબ છે.

**'' કા ૨ ણો ''**

**મુદ્દા નં. ૧ ::–**

૧૦. આ કામે ફરિયાદ પક્ષે વર્તમાન આરોપીઓ સામે ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો આક્ષેપ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ તથા ૧૦૨ મુજબ નિ:શંકપણે સાબિત કરવા માટે આંક–૭ થી ફરીયાદી અજીતભાઈ શીવાભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદે એવો પુરાવો આપેલ છે કે, બનાવનાં દિવસે, સમયે અને સ્થળે આરોપી અને ફરીયાદી વચ્ચે કોર્ટમા કેસ ચાલે તેમા સમાધાન કરવા બાબતે સામાન્ય બોલાચાલી થતાં, તેઓએ આ કામની ફરિયાદ આપેલી. તે સિવાય બીજું કાંઈ

બનેલ નથી. તેઓએ બનાવની ફરિયાદ તેઓએ આપેલી હોવાનું જણાવી, પોતાની જુબાનીમાં પોતાની ફરિયાદ રજૂ કરી, તેમાંની તેમની સહી ઓળખી બતાવી, અંક–૮ થી રજૂ કરવામાં આવેલ છે. આ સાહેદે ફરિયાદ પક્ષનાં કેસની હકીકતોને સમર્થન ન આપતાં, ખુદ ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલ છે. ત્યાર બાદ આ સાહેદની બચાવ પક્ષ દ્વારા ઉલટતપાસ કરતાં, તેઓએ સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું અને આરોપી સાથે રાજી–ખુશીથી, ઘરમેળે સમાધાન થયેલ હોવાનું જણાવેલ છે. ફરિયાદ પક્ષનાં કેસ અનુસાર હાલનાં કેસમના આ સાહેદ છે અને છતાં આ સાહેદનો સમગ્ર પુરાવો તથા આરોપી પક્ષે કબુલ કરવામા આવતા, દસ્તાવેજી પુરાવો, ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, મુદ્દામાલ રીકવરીનુ પંચનામુ, સારવાર સર્ટીફીકેટ અને જાહેરનામાની નકલ રજુ છે. જે ધ્યાને લેતા, તેઓએ ફરિયાદ પક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી. તેઓની સમગ્ર જુબાનીનો નિચોડ જોતાં, આરોપી પર ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો ગુનો આરોપીએ આચરેલ હોવાનું નિ:શંકપણ પુરવાર થતું નથી અને તે રીતે વર્તમાન આરોપી સામે ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો

આક્ષેપ નિ:શંકપણે સાબિત કરવામાં ફરિયાદ પક્ષ સફળ થયેલ ના હોઈ, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આ ખ રી હુ ક મ ::-**

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૪૮ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ:- ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા બી. પી. એકટની કલમ :૧૩૫(૧) મુજબનાં શિક્ષાને પાત્ર ગુનામાંથી આરોપી નં.૨,૩નાઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરેલ મુદ્દામાલ લાકડીનો અપીલ સમય બાદ નાશ કરવો.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ (એ) મુજબ અપીલ સમય માટે આરોપીએ રૂપિયા ૫,૦૦૦-૦૦ ( અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) નાં જામીન આપવાના રહેશે અથવા જુના જામીન ચાલુ રહેતા હોવાની પુરસીસ રજુ રાખવી.

આજ રોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૦૬-૦૧-૨૦૧૮
અમદાવાદ.

( અતુલકુમાર રજનીકાંત પટેલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં. ૭
અમદાવાદ.
UNIQUE CODE GJ00710